PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# <u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/કવા–૦૨/૧૭–૧૮/ ૮૨૬(૪) તા ૨૫-૦૧-૧૮

રજી. એ.ડી. પત્ર

**પ્રતિ,**
**સેઝોન પેપર પ્રાઈવેટ લીમીટેડ,**
**૮–અ નેશનલ હાઈવે, લખધીરપુર રોડ**
**<u>સર્વે નંબર – ૧૫૬/ પૈકી,</u>**
**<u>ભરત મીનરલ ની નજીક</u>**
**<u>કાલીકા નગર ની બાજુમા,</u>**
**<u>મોરબી –૩૬૩ ૬૪૨</u>**
**મો: ૯૯૭૯૪ ૦૦૩૭૭**

**વિષય :–રીવ્યુ અરજી બાબત**
**<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૧/કવા–૦૨/૧૭–૧૮ )</u>**

**શ્રીમાન,**

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

આપનો વિશ્વાસુ

**(સી.જે.ગજેરા)**
**કા.વા. કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)**

**<u>નકલ રવાના :</u>**
**<u>(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી</u>**
**<u>(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી</u>**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૧/કવા–૦૨/૧૭–૧૮ કમિટી મીટીગ: તા. ૨૭–૧૨–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

પીજીવીસીએલ (કચેરી) : (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)

રજુઆત કરનાર :આર.પી. ભટ્ટ – નાયબ ઈજનેર વિભાગીય કચેરી, મોરબી

વિરૂઘ્ધ

પક્ષકાર નં.: –(૨) ગ્રાહક (સામેવાળા) :

અરજદાર (ફરીયાદી): નામ: સેઝોન પેપર પ્રાઈવેટ લીમીટેડ, ગામ: મોરબી

રજુઆત કરનાર: અરજદાર ના પ્રતિનીધી તરીકે વિક્રમશાહ તેમજ અરજદાર શ્રી વી.વી.પટેલ હાજર રહેલ હતા.

## : હુકમ :

ફરીયાદ : રીફંડ બાબત – રિવ્યુ અરજી બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર – પીજીવીસીએલ (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી એટલેકે પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | ■ ફોરમ ના અગાઉ ના હુકમ નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૪૦/કવા–૦૧/૧૭–૧૮/૫૫૨૬ તા૨૭–૦૬–૧૭ હુકમ સાથે સહમત ન હોય – તેમજ ફોરમ સમક્ષ અગાઉ રજુ કરેલ ન હોય, તે વધારાના ૦૨ મુદદા રિવ્યુ અરજી મા રજુ કરેલ છે.<br>(૧) ટેરીફ શેડયુલ–૧૬–૧૭ ના શેડયુલ–બી ના જનરલ પોઈન્ટ નં–૧૧ મુજબ – ફીકસચાર્જ, મીનીમમચાર્જ, ડીમાન્ડ ચાર્જ, મીટર રેન્ટ વગેરે ચાર્જીસ પ્રોરેટા બેઈઝ આકારવાના થતા નથી. જે'' મહિનાવાર – એનર્જી બીલ મા વસુલ કરવા પાત્ર છે. સદર હુકમ મા ટેરીફ શેડયુલ–૧૬–૧૭ ના શેડયુલ–બી ના જનરલ પોઈન્ટ નં–૧૧ મુજબ ફોરમે હુકમ કરતી વખતે – સદર બાબત ધ્યાને લીધેલ નથી, તે ધ્યાને લેવા વિનંતી છે.<br>(૨)પીજીવીસીએલ અને ગ્રાહક વચ્ચે થયેલ એગ્રીમેન્ટ ના મુદદા નં. (૮) – ટેરીફ મુજબ જ – દરકે મન્થલી ચાર્જ ગ્રાહકે ભરપાઈ કરવાના રહેશે.<br>■ આમ, ઉપરોકત કારણોસર – પીજીવીસીએલ દ્વારા બીલીગ – જે તે માસ ની પ્રથમ તારીખ થી છેલ્લી તારીખ સુધી કરવામા આવે છે. જેથી, ડીસેમ્બર –૧૬ ના બીલીગ મા ડિમાન્ડચાર્જ, જે '' તા.૧૩–૧૨–૧૬ થી તા.૧૫–૧૨–૧૬ સુધી ના– ૦૩ દિવસ મુજબ ગણવો '' મુજબ નો જ હુકમીત થયેલ હોય – તો આવા સંજોગોમા –સદર વીજ જોડાણ તા.૧૩–૧૨–૧૬ થી ચાલુ થયેલ હતુ, જેથી ડીસેમ્બર –૧૬ ના બીલીગ મા તા.૧૬–૧૨–૧૬ થી તા.૩૧–૧૨–૧૬ સુધીનો ડિમાન્ડ ચાર્જ વસુલ કરેલ છે. જે યોગ્ય છે. જેથી, સદર બાબત ધ્યાને લેવા વિનંતી છે.<br>■ આમ, ઉપરોકત સદર બાબતે વધુ ૦૨ મુદદા રજુ કરતા – ફોરમ સમક્ષ રિવ્યુ અરજી કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) ગ્રાહક પક્ષકાર (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | ગ્રાહક પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | (અ) ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર – રાજકોટ ના અગાઉ ના હુકમ નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/ ૪૦/કવા–૦૧/૧૭–૧૮/૫૫૨૬ તા૨૭–૦૬–૧૭ હુકમ મુજબ – ગ્રાહક ને ડિમાન્ડચાર્જ માત્ર –૦૩ દિવસ ના પ્રોરેટા ની ગણતરી કરીને રીફંડ આપવા જણાવેલ હતુ. જે અંગે ની ગ્રાહક ની રજુઆત તેમના તા.૨૭–૧૨–૧૭ ના પત્ર મુજબ – નીચે પ્રમાણે છે.<br>➢ જીઈઆરસી ના નોટીફિકેશન નં. –૦૨/૨૦૧૧ ના મુદદા નં. ૨.૬૨ મુજબ ની વિગતે –મૂળ કાર્યવાહી ના કોઈપણ પક્ષકાર ની આદેશના ૩૦ દિવસ ની અંદર કરવામા આવેલ અરજી ના આધારે નીચે દર્શાવેલ કારણોસર – તેના આદેશ ની સમીક્ષા કરી શકે. |

(૧) યોગ્ય ખંત પૂર્વક મહેનત કર્યા પછી, નવી અને અગત્યની બાબત કે પુરાવાની શોધ – જે સમીક્ષા કરવા માંગતી વ્યકિત ની જાણમા ન હોય – અથવા હુકમ કરવામા આવ્યો હોય, તે સમયે તેના દ્વારા રજુ ન કરી શકાયા હોય, અથવા

(૨) રેકર્ડ જોતા જ – સ્પષ્ટ દેખાય આવતી ભુલ કે ન્યૂનતા

(૩) બીજુ કોઈ પુરતુ કારણ

સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા તા.૦૫–૦૮–૧૭ ના રોજ રિવ્યુ અરજી દાખલ કરાયેલ છે. એટલેકે આદેશ ના ૩૦ દિવસ બાદ – રિવ્યુ અરજી કરેલ છે. જેમા, કોઈ ઉપરોકત કારણ જણાવેલ નથી.

(બ)સદર કેઈસ મા, વીજ જોડાણ તા.૧૩–૧૨–૧૬ થી રીલીઝ કરાયેલ – જેનો ડિમાન્ડ ચાર્જ – તે તા.૧૩–૧૨–૧૬ થી તા.૩૧–૧૨–૧૬ સુધી વસુલેલ છે. જયારે માહે જાન્યુઆરી–૧૭ ના બીલ મા ડિમાન્ડ ચાર્જ – તા.૧૬–૧૨–૧૬ થી તા.૧૫–૦૧–૧૭ મુજબ વસુલેલ છે. આમ, ગ્રાહક પાસેથી તા.૧૬–૧૨–૧૬ થી તા.૩૧–૧૨–૧૬ સુધીનો સુધીનો ડિમાન્ડ ચાર્જ – ૦૨ વખત વસુલેલ છે. પીજીવીસીએલ દ્વારા – ડિમાન્ડ ચાર્જ દરેક મહિના માટે – પ્રથમ તારીખ થી જે તે માસ ની છેલ્લી તારીખ સુધી વસુલવામા આવે છે. જયારે – એનર્જી ચાર્જ ની ગણતરી – પાછલા માસ ની ૧૬ તારીખ થી – ચાલુ માસ ની ૧૫ તારીખ સુધીનો બીલીગ સમયગાળો ગણવામા આવે છે.

(ક) સદર રિવ્યુ અરજી બાબતે – ગ્રાહક ને ફોરમ તરફથી કોઈપણ જાણકારી અપાયેલ નથી.

(ડ) ઉપરોકત સદર બીલીગ ના સમયગાળા ની બાબત– કોઈ નિતિ–નિયમ મા મંજુર કરાયેલ નથી. આમ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – કોઈ સચોટ કારણ વગર – તેમની રિવ્યુ અરજી દાખલ કરેલ છે. જે માન્ય રાખી શકાય નહી.

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર દ્વારા અગાઉ ના હુકમ નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/કવા–૦૧/૧૭–૧૮/૫૫૨૬ તા.૨૭–૦૬–૧૭ હુકમ મા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – રિવ્યુ અરજી તા.૦૫–૦૮–૧૭ થી ફોરમ મા કરાતા – ફોરમ દ્વારા સદર અરજી નો અભ્યાસ કરી – તા.૦૮–૦૮–૧૭ ના રોજ લેખીતમાં ગ્રાહક તેમજ પીજીવીસીએલ પક્ષકાર ને – રિવ્યુ અરજી બાબતે ની જાણકારી આપેલ – તેમજ સદર ફરીયાદ ના નિરાકરણ માટે તા.૨૪–૦૮–૧૭ ની મીટીગ મા રૂબરૂ રજુઆત અંગે ગ્રાહક ને ફોરમ ના પત્ર નં. : ૬૬૫૯ તા.૦૮–૦૮–૧૭ ના રોજ થી લેખીતમાં જાણકારી અપાયેલ હતી, સદર મીટીગ મા ગ્રાહક ગેરહાજર રહેલ હોય, તેમને વધુ એક વખત તક આપવા માટે –ફરીથી તા.૨૭–૧૨–૧૭ ના રોજ થી મીટીગ મા રૂબરૂ રજુઆત અંગે ગ્રાહક ને ફોરમ ના પત્ર તા.૧૬–૧૨–૧૭ ના રોજ થી જાણકારી અપાયેલ હતી. આ મીટીગ મા ગ્રાહક ની રજુઆત અન્વયે તેમજ પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત અન્વયે નીચે મુજબ ની વિગતો જણાયેલ છે.<br>➢ (a) પીજીવીસીએલ દ્વારા – ડિમાન્ડ ચાર્જ દરેક મહિના માટે – પ્રથમ તારીખ થી જે તે માસ ની છેલ્લી તારીખ સુધી વસુલવામા આવે છે, પરંતુ મહતમ ડિમાન્ડ ની અને એનર્જી ચાર્જ ની ગણતરી –જે તે માસ ના બીલ મા પાછલા માસ ની ૧૬ તારીખ થી – ચાલુ માસ ની ૧૫ તારીખ સુધીનો બીલીગ સમયગાળો ગણવામા આવે છે.<br>➢ (b) એગ્રીમેન્ટ ના મુદ્દા નં. (૮) મુજબ – ટેરીફ મુજબ જ – દરકે મન્થલી ચાર્જ ગ્રાહકે ભરપાઈ કરવાના રહેશે, અને વધુમા ટેરીફ શેડયુલ–વર્ષ:૨૦૧૬–૧૭ ના જનરલ પોઈન્ટ ના મુદ્દા નં. (૪) મુજબ ની વિગતે — "The charges specified are on monthly basis, distribution licenses may decide the period of billing and adjust the tariff rate accordingly." |

➢ (c) ટેરીફ શેડયુલ–વર્ષ:૨૦૧૬–૧૭ ના શેડયુલ–બી ના જનરલ પોઈન્ટ નં–૧૧ મુજબ – ફીકસચાર્જ, મીનીમમચાર્જ, ડીમાન્ડ ચાર્જ, મીટર રેન્ટ વગેરે ચાર્જીસ પ્રોરેટા બેઈઝ આકારવાના થતા નથી. જે ''મહિનાવાર – એનર્જી બીલ મા વસુલ કરવા પાત્ર છે.'' તેમજ, ગ્રાહક ની રજુઆત મુદદા નં. ૨.૧ ના (બ) મુજબ ની વિગતે – પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ માહે ડિસેમ્બર– ૧૬ અને માહે જાન્યુઆરી– ૧૭ ના બીલ ની ચકાસણી કરવામા આવતા, નીચે મુજબ ની વિગતો જણાયેલ છે. તેમજ ડીમાન્ડ ચાર્જ ની ગણતરી પીજીવીસીએલ દ્વારા —

| Billing Month | Actual Maximum Demand | Current Reading | Previous Reading | Difference Reading |
|---|---|---|---|---|
| Dec-16 | 0 | 20 | 20 | 0 |
| Jan-17 | 1217 | 3542 | 20 | 3522 |

➢ (d) ઉપરોકત વિગતે – માહે ડિસેમ્બર– ૧૬ મા એનર્જી – મીટર મુજબ – અને કોઈ વીજવપરાશ થયેલ જણાયેલ નથી અને મહતમ ડીમાન્ડ ''૦ કીવો'' જ છે. આમ, ડિમાન્ડ ચાર્જ – તે *તા.૧૩–૧૨–૧૬ થી તા.૩૧–૧૨–૧૬* સુધી બીલીંગ કરાયેલ છે. જયારે, માહે જાન્યુઆરી– ૧૭ ના બીલ મા એનર્જી – મીટર મુજબ ડિમાન્ડ ચાર્જ – *તા.૧૬–૧૨–૧૬ થી તા.૧૫–૦૧–૧૭ મુજબ* મહતમ ડીમાન્ડ ''૧૨૧૭ કીવો'' જણાયેલ છે. જે પરથી પુરવાર થાય છે કે – ડિમાન્ડ ચાર્જ ની રકમ વસુલવા બાબતે – કંપની દ્વારા નકકી કરેલ આનુષાંગીક સમયગાળા મુજબ જ લઈ શકાય, એટલેકે–જે તે માસ ના બીલ મા પાછલા માસ ની ૧૬ તારીખ થી – ચાલુ માસ ની ૧૫ તારીખ સુધીનો બીલીગ સમયગાળો ગણવો જોઈએ.

➢ (e) આમ, પીજીવીસીએલ દ્વારા માહે ડિસેમ્બર–૧૬ ના બીલીગ મા *તા.૧૩–૧૨–૧૬ થી તા.૩૧–૧૨–૧૬* સુધી અને માહે જાન્યુઆરી– ૧૭ ના બીલ મા *તા.૧૬–૧૨–૧૬ થી તા.૧૫–૦૧–૧૭ મુજબ* મહતમ ડીમાન્ડ ની ગણતરી કરાયેલ છે. જેથી, ડિમાન્ડ ચાર્જ – બીલીગ ડિસે.–૧૬ અને જાન્યુ. – ૧૭ ના બન્ને બીલ મા તે ગ્રાહક પાસેથી તા.૧૬–૧૨–૧૭ થી તા.૩૧–૧૨–૧૭ સુધી નો વસુલેલ છે.જે કંપની દ્વારા નકકી કરેલ દિવસો મુજબ સુસંગત નથી.

આમ, ઉપરોક્ત હકીકત ને ધ્યાને લેતા, સદર કેઈસ ને આનુષાંગીક – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર દ્વારા અગાઉ ના હુકમ નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૦/ક્વા–૦૧/૧૭–૧૮/૫૫૨૬,તા.૨૭–૦૬–૧૭ હુકમ મુજબ ડિમાન્ડ ચાર્જ ની રકમ ની ગણતરી કરાયેલ છે, તે નિયમાધીન છે. તે મુજબ ની યોગ્ય કાર્યવાહી અરજદાર અને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા પૂર્ણ કરવા બાબતે નો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

મુદદા નં.–૪ : હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ દ્વારા કરેલ રિવ્યુ અરજી ગ્રાહય રાખેલ નથી. તેમજ, અગાઉ અપાયેલ – ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના હુકમ ન : ૪૦/ક્વા–૦૧/૧૭–૧૮/૫૫૨૬ તા.૨૭–૦૬–૧૭ મુજબ ની વિગતે – યોગ્ય કાર્યવાહી અરજદાર અને અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા પૂર્ણ કરવા બાબતે નો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિધુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.